# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
## ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

એચ-31 થી 34 અને એચ-53, ઇ.એસ.આઇ. હોસ્પિટલ સામે, જીઆઇડીસી એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-382415. ફોન નં. :079-22871202, મો નં. : 9409367407.

**ઓઢવ બુલેટીન**

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

પરીપત્ર નં.: 01/2024-25
તારીખ : 10/07/2024


**BY THE MEMBER - OF THE MEMBER - FOR THE MEMBER**


**પ્રમુખ**
શ્રી મુકેશ વેકરીયા
22892302

**સી. ઉપપ્રમુખ**
શ્રી પરેશ પટેલ
22974559

**ઉપપ્રમુખ**
શ્રી દિવ્યેશ લાડવા
22870002

**માનદમંત્રી**
શ્રી રાજેશ પટેલ
22890011

**ખજાનચી**
શ્રી કિરણ પટેલ
9825067399

**સહ માનદમંત્રી**
શ્રી પ્રેરક પટેલ
22970874

**સહ માનદમંત્રી**
શ્રી દર્શન મહેતા
22871924

**સહ ખજાનચી**
શ્રી ધર્મેન્દ્ર પંચાલ
9376198218


## પ્રમુખ સ્થાને થી....

પ્રિય ઉદ્યોગકાર મિત્રો,

જય જગન્નાથ...

આપણી સંસ્કૃતિમાં અષાઢી બીજનું અનેરું મહત્વ છે. તા.07-07-2024 ના રોજ આપણાં શહેરમાં ભગવાન જગન્નાથની 147 મી રથયાત્રા ધામધુમથી પૂર્ણ થઈ.

દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતા આપણાં દેશ ભારતમાં ચૂંટણી ખૂબ સહજતાથી પૂર્ણ થઈ નવી સરકારે પોતાના ત્રીજા કાર્યકાલની શરૂઆત કરી દીધી છે જેના ભાગરૂપે આવતી 23 મી જુલાઇના દિવસે પોતાનું બજેટ રજૂ કરશે. આપણે આશા રાખીએ કે સરકાર બજેટમાં ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તેવી નીતિઓથી આગળ વધશે.

મિત્રો, આપણે જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે સપનું ગયા મહિને સાકાર થયું. અમદાવાદનાં સમગ્ર પૂર્વ વિસ્તારના લોકોને ઔધોગિક, વ્યક્તિત્વ વિકાસ અને મહિલા વિકાસ ને લગતા સેમીનારોનો લાભ મળી રહે તેવા હેતુથી OIA અને AMA વચ્ચે MOU CEREMONY કાર્યક્રમ ગત તા. 25/6/2024 ના રોજ આપણા CFC હોલમાં યોજાઇ ગયો. આ કાર્યક્રમની વિગતો આ બુલેટિનમાં સામેલ છે. AMA દ્વારા આયોજિત આગામી કાર્યક્રમોની આપને ટૂંક સમયમાં જાણ કરવામાં આવશે.

સમગ્ર દેશમાં ચોમાસુ આગળ વધી રહ્યું છે અને આપણો દેશ ખેતી પ્રધાન દેશ હોવાથી અર્થતંત્રનો ખૂબ મોટો આધાર વરસાદ છે. આપણે આશા રાખીએ કે સારા વરસાદથી દેશના ખેડૂતભાઈઓને લાભ થાય. ચોમાસાના વાતાવરણને ધ્યાનમાં રાખી જો ઉદ્યોગ એકમોના બહાર કોઈ મટિરિયલ, લાઇટનો થાંભલો અથવા ઝાડ જો ભયજનક લાગતું હોય તો તાત્કાલિક ધોરણે દૂર કરવા વિનંતી.

મિત્રો, "GREEN ODHAV CLEAN ODHAV" અભિયાનના ભાગરૂપે સદ્દભાવના ટ્રસ્ટ સાથે મળી દરેક રોડ અને ઉદ્યોગ એકમોના બહાર 2000 વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો છે. આ કાર્ય આપણે કરવાનું છે. જો તમે પણ કોઈ વૃક્ષ દત્તક લેવા માંગતા હોય તો વૃક્ષદીઠ રૂ. 1600/- નું યોગદાન આપી આપના પરિવારજનોના નામે વૃક્ષ દત્તક લઈ શકો છો. દત્તક લીધેલ વૃક્ષ પર તેમના નામની પ્લેટ લગાવવામાં આવશે. મારી દરેક મિત્રોને નમ્ર અપીલ છે કે વધુમાં વધુ વૃક્ષો દત્તક લઈ આપણી GIDC ને હરિયાળી બનાવવામાં સહયોગ આપે. આવો સૌ સાથે મળી ઓઢવને રાજ્યની સર્વ શ્રેષ્ઠ GIDC બનાવીએ.

મુકેશ વેકરીયા
પ્રમુખશ્રી
ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન વચ્ચે " MOU "

**તા.25-06-20 ને મંગળવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન વચ્ચે MOU (સમજુતી મેમોરેન્ડમ) અંગે એક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મુખ્ય અતિથિ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા (મંત્રીશ્રી ગુજરાત રાજ્ય) હતા. ઉપરાંત આ કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રી જતીનભાઈ પટેલ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના પ્રમુખશ્રી સાવનભાઈ ગોડીયાવાલા અને ચેરમેન શ્રી પદ્મીનભાઈ બુચ, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખશ્રી મુકેશભાઈ વેકરીયા, સી. ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી દિવ્યેશભાઈ લાડવા, માનદમંત્રી શ્રી રાજેશભાઈ પટેલ સાથે અન્ય હોદેદારો હાજર રહ્યા હતા. ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ આમંત્રિત મહેમાનો સાથે GIDC ના અધિકારીશ્રીઓ, GPCB ના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. તેમજ FIA, GCCI, નરોડા, વટવા, કઠવાડા, જીવીએમએમ અને સાણંદ એસોસીએશનના પ્રમુખશ્રી અને માનદમંત્રીશ્રી હાજર રહ્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી (ઓઢવ અને નિકોલ), કોર્પોરેટરશ્રીઓ (ઓઢવ અને વિરાટનગર) પણ આ કાર્યક્રમમાં હાજર રહી આ કાર્યક્રમની શોભા વધારી હતી. એસોસીએશનનાં સભ્યમિત્રો પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.**

આ કાર્યક્રમમાં થયેલ ઐતિહાસિક MOU કે જે આવનારા સમયમાં ખુબ જ લાભદાયક રહેશે. જેમાં ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન સાથે મળીને સ્કીલ ડેવલોપમેન્ટને લગતા કાર્યક્રમો, ઉદ્યોગોના પડકારો વિવિધતાઓ અને વિકાસને લગતા મુદ્દાઓ પર કાર્યક્રમો, વિવિધ તાલીમ કાર્યક્રમો, મોટીવેશનલ લેક્ચર્સ, તેમજ અમદાવાદ પૂર્વમાં વસતા ઉદ્યોગકારો, નાગરિકો, મહિલાઓ અને બાળકોની ઉચ્ચ કારકિર્દીને લગતા કાર્યક્રમો યોજી વ્યક્તિત્વ વિકાસ ધ્વારા સમાજ અને રાષ્ટ્રના વિકાસના હેતુથી કામ કરશે.



પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## એસોસીએશન ધ્વારા યોજાયેલ " Effective Communication and Skill Development " ટ્રેનીંગ કાર્યક્રમ અંગે

**તા.30-03-2024ને શનિવારના રોજ બપોરે 03:00 થી 05:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Effective Communication and Skill Development" વિષય ઉપર એક ટ્રેનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેના વક્તા ડો. શ્રી દિવ્યેશભાઈ લાડવા હતા.** જેમને **"Communication and Skill Development"** અંગે ખુબ જ મહત્વની જાણકારી આપવામાં આવી. આ દરમ્યાન ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખશ્રી સહિત અન્ય હોદેદારો પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ખુબ જ મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.





## એસોસીએશન ધ્વારા યોજાયેલ "Good Habits Of Emailing" ટ્રેનીંગ કાર્યક્રમ અંગે

**તા.27-04-2024ને શનિવારના રોજ બપોરે 03:00 થી 05:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Good Habits Of Emailing" વિષય ઉપર એક ટ્રેનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેના વક્તા ડો. શ્રી દિવ્યેશભાઈ લાડવા હતા.** જેમને **"Email"** અંગે ખૂબ જ મહત્વની જાણકારી આપવામાં આવી. આ દરમ્યાન ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખશ્રી સહિત અન્ય હોદેદારો પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ખુબ જ મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.





## એસોસીએશન ધ્વારા યોજાયેલ " Decision Making : How To Make Better Decisions " ટ્રેનીંગ કાર્યક્રમ અંગે

**તા.25-05-2024ને શનિવારના રોજ બપોરે 03:00 થી 05:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Decision Making : How To Make Decisions" વિષય ઉપર એક ટ્રેનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેના વક્તા ડો. શ્રી દિવ્યેશભાઈ લાડવા હતા.** જેમને **"Decision"** અંગે ખુબ જ મહત્વની જાણકારી આપવામાં આવી. આ દરમ્યાન ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખશ્રી સહિત અન્ય હોદેદારો પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ખુબ જ મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં





**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## લોકસભા સામાન્ય ચૂંટણી 2024 જાગૃતિ અંગે MOU કાર્યક્રમ

**તા.30-03-2024ને શનિવારના રોજ સાંજે 05:00 કલાકે લોકસભા સામાન્ય ચુંટણી 2024 અંતર્ગત એસોસીએશન સેમીનાર હોલ ખાતે સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી તથા મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદના અધિકારીશ્રીઓની હાજરીમાં વોટર (મતદાતા) ની જાગૃતિ બાબતે MOU તથા માઈગ્રેટરી કામદારો વોટ (મત) આપે તે માટે જાગૃતિ અંગે અને ખાસ સેમીનાર યોજાઈ ગયો.** સેમીનારમાં ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખશ્રી સહિત અન્ય હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. જેમાં આવેલ ઉચ્ચ અધિકારીશ્રીઓનું સ્વાગત એસોસીએશનના પ્રમુખશ્રી મુકેશભાઈ તેમજ હાજર અન્ય હોદ્દેદારો ધ્વારા કરવામાં આવ્યું.





## લઘુ ઉદ્યોગ ભારતી અમદાવાદ જીલ્લા ધ્વારા આયોજિત " સ્થાપના દિવસ સમારોહ "

**તા.26-04-2024ને શુક્રવારના રોજ સાંજે 05:00 કલાકે એસોસીએશન ઓફીસ હોલ ખાતે લઘુ ઉદ્યોગ ભારતી અમદાવાદ ધ્વારા "30 મા સ્થાપના દિવસ સમારોહ" યોજાઈ ગયો. જેના મુખ્ય અતિથિ માન. શ્રી પ્રકાશભાઈ પટેલ (પ્રમુખ - રાષ્ટ્રીય સેવા સંઘ - ગુજરાત) અને મુખ્ય વક્તા ડો. અભિમન્યુ સમ્રાટ (મેનેજમેન્ટ ગુરુ) હાજર રહ્યા હતા જેમણે આ કાર્યક્રમમાં “Risk Base Thinking” એટલે કે બીઝનેસમાં બદલતા સમય પ્રમાણે જરૂરી સાહસિક નિર્ણયો લેવાની પદ્ધતિ વિષે માહિતી આપી હતી.** આ સ્થાપના સમારોહમાં એસોસીએશનના હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા સાથે આમંત્રિત મહેમાનો પણ હાજર રહયા હતા.





## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વઝોન ધ્વારા " પ્રી-મોન્સુન મીટીંગ "

**તા.01-05-2024ને બુધવારના રોજ બપોરે 03:00 થી 06:00 કલાકે દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વઝોન ધ્વારા એસોસીએશન ઓફીસ હોલ ખાતે "પ્રી-મોન્સુન મીટીંગ" નું આયોજન કરવામાં આવ્યું. જેમાં પૂર્વ ઝોનના Dymc શ્રી એસ. એ. પટેલ સાહેબ તેમજ અન્ય તમામ અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.** આ મીટીંગમાં પૂર્વઝોનની હદમાં આવતા તમામ વિસ્તારમાં પ્રી-મોન્સુન લગતી સમસ્યાઓ અને તેના નિરાકરણ ઉપર ચર્ચા કરવામાં આવી.





**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## "ઠંડી છાસ વિતરણ કેમ્પ "

હવામાન વિભાગના રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને તા.22-05-2024 થી તા.25-05-2024 દરમ્યાન બપોરે 12:00 થી 04:00 કલાક દરમ્યાન ઓઢવ જીઆઇડીસી એસ્ટેટમાં આવેલ એસોસીએશન ઓફીસ આગળ, લિબ્રા એસ્ટેટની સામે તેમજ આપા હોટલની બાજુમાં એમ કુલ ત્રણ જગ્યાએ ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ધ્વારા ઠંડી છાસ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આશરે 7000 લીટર જેટલી છાસનું વિતરણ કરવામાં આવ્યું.








## ટૉરેન્ટ પાવર લી. ધ્વારા "ઈલેક્ટ્રિકલ સેફ્ટી અવેરનેસ" કાર્યક્રમ

તા.29-05-2024 ને બુધવારના રોજ બપોરે 03:00 કલાકે એસોસીએશન ઓફીસ હોલ ખાતે ટૉરેન્ટ પાવર લી. ધ્વારા " ઈલેક્ટ્રિકલ સેફ્ટી અવેરનેસ" ને લગતો એક કાર્યક્રમ યોજાઈ ગયો. ટૉરેન્ટ પાવર લી. માંથી આવેલ ઉચ્ચ અધિકારીશ્રીઓમાં શ્રી દેવદત્તભાઈ પુરોહિત સાથે હાજર બીજા અન્ય અધિકારીશ્રીઓનો અને તેમના તરફથી આવેલ ડૉ. પ્રણવ ભાઈ ત્રિવેદી કે જેમને અતિશય ગરમીના વાતાવરણને અનુરૂપ સ્વાસ્થ્ય માટે સુંદર અને સરળ ભાષામાં સમજણ આપી અને વીજ કરંટ લાગે ત્યારે સલામતીના શું પગલા લેવા તે જણાવ્યું.





## ચોમાસાની ઋતુ અંગે

સભ્યમિત્રો, હાલ ચોમાસાની ઋતુ ચાલે છે તેને ધ્યાનમાં રાખીને આપણા એસ્ટેટમાં ક્યાંય પણ ભયજનક ઝાડ, લાઈટના થાંભલા કોઈ એકમની બહાર કોઈ મટેરિયલને તાત્કાલિક દૂર કરવા વિંનતી છે.

ઉપરાંત પાણીની લાઈન લીકેજ હોય, ગટર ઉભરાતી હોય કે પછી કચરાનો નિકાલ કરવાનો હોય તો તેની ફરિયાદ એસોસીએશન ઓફિસે તાત્કાલિક કરવા વિંનતી છે જેથી આપની ફરિયાદનું સમયસર નિરાકરણ આવી શકે.

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## "વૃક્ષ દત્તક લેવા માટે અપીલ"

ટીમ ઓઢવ એસોસીએશનને આપની પૃથ્વીમાતાની સેવા કરવાનો સંકલ્પ કરેલ છે. તેના ભાગ રૂપે આપણી ઓઢવ જીઆઈડીસી વસાહતને સ્વચ્છ અને હરિયાળી બનાવવા " સદભાવના વૃદધાશ્રમ - રાજકોટ " ના સહયોગથી વૃક્ષારોપણ અને ઉછેરનો કાર્યક્રમ હાથ ધરેલ છે. જેમ આપના દરેકનો સહયોગ અને ભાગીદારી ઈચ્છીએ છીએ. આપ પોતાના, પોતાના સ્વજનો અને સ્નેહીજનોની યાદી માટે શક્ય તેટલા વૃક્ષોનું દાન આપવા અનુરોધ કરીએ છીએ.

વૃક્ષ વાવી ટ્રી ગાર્ડ લગાવી ત્રણ વર્ષ સુધી તેની જાળવણી અને ઉછેરની સંપૂર્ણ જવાબદારી ઉપરોક્ત સંસ્થા લેશે. જેનો ખર્ચ રૂ.3000.00 થશે. જેમાં એક તકતીમાં સદ્ભાવના ટ્રસ્ટ અને દાતાનું નામ આવશે. અને બીજી તકતીમાં ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને દાતાનું નામ આવશે. ઓઢવ એસોસીએશન જે સભ્ય વૃક્ષને દત્તક લેવા માંગતા હોય તે રૂ. 1600.00 આપી તેના પર પોતાના સ્વજનના નામની તકતી લગાવી શકશે.

આપ જેટલા વૃક્ષો દત્તક લેવા માંગતા હોવ તેટલાનું પેમેન્ટ **" ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન "** ના નામેથી ચેક બનાવશો. **અમારા પ્રતિનિધિ આપનો સંપર્ક કરી આપનો ચેક મેળવી લેશે. સાથે વુક્ષ પર જેના નામની નેમપ્લેટ લગાવવી હોય તેની વિગત મેળવી લેશે.**



**આપનું આ અનુદાન,,,**
- સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી અને અનેક પક્ષીઓને રહેઠાણ આપશે.
- વાતાવરણને ઓક્સીજન આપશે અને કાર્બનડાયોક્સાઈડ શોષી લેશે.
- જમીન ફળદ્રુપ બનાવશે અને તેનું ધોવાણ અટકાવશે.
- ધ્વની પ્રદુષણ ઘટાડશે અને ગ્લોબલ વોર્મિંગ દુર કરશે.

આવો... **આપણે ઓઢવ જીઆઈડીસી વસાહતને સાથે મળીને "ગ્રીન ઓઢવ, ક્લીન ઓઢવ" બનાવીએ.**

## પાણીના મીટર અંગે

ઓઢવ ઔધોગિક વસાહતના દરેક ઉદ્યોગકારોને ખાસ જણાવવાનું કે, આપના **પાણીના કનેકશનના મીટર બંધ હોય તેમજ મીટર પર સીલ ન લગાવેલ હોય તો** તેની જાણ તાત્કાલિક ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. ની ઓફિસે કરશો. જો તપાસ કરતા માલુમ પડશે કે આપનું પાણીનું મીટર છેલ્લા કેટલાંક સમયથી બંધ છે અને તેના ઉપર સીલ લગાવેલ નથી અથવા મીટરનું સીલ તૂટેલું છે તો આપનું પાણીનું કનેક્શન કાપી નાખવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી આપશ્રીને રહેશે. જેની નોંધ લેશો.

- ➡ ઓઢવ ઔધોગિક વસાહતના તમામ યુનિટ ધારકોને જણાવવાનું કે આપના પાણીના મીટરના ઈનપુટ અને આઉટપુટ કનેકશન આપે ગેલ્વેનાઈઝડ કરવાના રહેશે.
- ➡ મીટર બદલવાની સુચના મળે ત્યારે **પાણીના મીટર બદલવાનો ચાર્જ રૂ. 200/- +18 % GST અને સીલ લગાવવાનો ચાર્જ રૂ.150/- +18 % GST** સાથેનો ચેક એસોસીએશન ઓફિસે જમા કરાવી મીટર બદલવા માટે રીકવેસ્ટ લખાવવાની રહેશે.
- ➡ પાણીના કનેકશનની સાઈઝ મુજબ ફિલ્ટર બદલવાનો ચાર્જ નીચે મુજબનો છે.
  ★ <u>15mm</u> માટે રૂ.400/- +18% GST, ★ <u>20mm</u> માટે રૂ.450/- +18% GST, ★ <u>25mm</u> માટે રૂ.525/- +18% GST
- ➡ **ઓઢવ ઈન્ડ. એસોસીએશનના તમામ મેમ્બર માટે પ્રથમ ફિલ્ટર ફ્રી (FREE) માં નાખી આપવામાં આવશે.**
- ➡ ભવિષ્યમાં ફિલ્ટર બદલવાનું થાય તો જે ભાવ ચાલતો હશે તે મુજબ ચૂકવવાનો રહેશે.
- ➡ પાણીનું મીટર બદલવા માટે મીટર બદલવાનો ચાર્જ ચેક દ્વારા ચૂકવ્યા બાદ ક મીટર બદલવામાં આવશે.
- ➡ પાણીનું મીટર બદલવા અંગે આપેલ નોટીસ બાદ મીટર બદલવા માટે અરજી નહી કરો તો આપને પેનલ્ટી સાથે નોટીસ આપી પેનલ્ટી વસુલ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
# ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

## ઓઢવ બુલેટીન

### બાકી મેમ્બરશીપ ફી અંગે

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની **મેમ્બરશીપ ફી ભરવાની અંતિમ તારીખ તા.29/06/2024 સુધીની જ હતી.** જે એકમોની મેમ્બરશીપ ફી ભરવાની બાકી હોય તેઓની મેમ્બરશીપ ફી નીચે મુજબની જે તે વર્ષ પ્રમાણે લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે. ઉપરાંત હવે **મેમ્બરશીપ ફી, લેટ ફી સાથે ભરવામાં નહી આવે તો આપનું સભ્યપદ રદ થવાને પાત્ર રહેશે** તથા ત્યારબાદ ફરીથી નવી મેમ્બરશીપ લેવી પડશે. જેની ખાસ નોંધ લેશો.

### ગટરના પાણી અંગે

આપ સૌ જાણો જ છો કે **છેલ્લા બે વર્ષ થી નામદાર હાઈકોર્ટના આદેશથી ઓઢવ જી.આઈ.ડી.સી.ની તમામ ડ્રેનેજના કનેક્શન AMC દ્વારા કાપી નાખવામાં આવેલ છે. હાલમાં અત્રેની કચેરી દ્વારા કેમિકલ એકમો સિવાયના સભ્યોના ફક્ત ડોમેસ્ટિક ડ્રેનેજ વેસ્ટ વોટર સ્વીકારવામાં આવે છે, અને તેને પમ્પીંગ કરી CETP માં મોકલવામાં આવે છે.** દરેક સભ્યમિત્રને સહકાર આપી અત્રેની ડ્રેનેજ લાઈનમાં જરૂરિયાત પુરતું ફક્ત અને ફક્ત ડોમેસ્ટિક વેસ્ટ વોટરનો જ નિકાલ કરશો. ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ વોટર નાખવું નહી. હાલમાં અત્રેની કચેરી દ્વારા 24-કલાક ડ્રેનેજ વોટર ટેસ્ટીંગ અને મોનીટરીંગ ચાલુ છે. જો કોઈ સભ્ય ડ્રેનેજ લાઈનમાં એસીડીક વોટર/એફ્લુંએન્ટ નાખતા જણાશે, તો તેના તમામ પાણી તથા ડ્રેનેજ કનેક્શન કાપવાની ફરજ પડશે. AMC/GPCB દ્વારા લગાવવામાં આવેલ પેનલ્ટી વસુલવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેની સંપૂર્ણ જવાબદારી જે તે એકમની રહેશે. જેની ગંભીર નોંધ લેશો. જો આપના ધ્યાને કોઈ એકમ આવી પ્રવુતિ કરતુ જણાય તો તેની જાણ અત્રેની કચેરીએ કરશો.

### ગ્રીનસ્પેસમાં સ્વચ્છતા જાળવવા બાબત

**ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લિમિટેડ દ્વારા સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે ઓઢવ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં સ્વચ્છતા માટે સઘન અભિયાન હાથ ધરેલ છે.** જે અંતર્ગત જી.આઈ.ડી.સી.માં આવેલ તમામ ગ્રીનસ્પેસ સાફ કરેલ છે. પરંતુ આ અભિયાનમાં અડચણરૂપ કેટલાક એકમો તથા તેના કર્મચારીઓ દ્વારા પ્લોટની પાછળ ગ્રીનસ્પેસમાં ગંદુ પાણી તથા કચરો ખુલ્લો નાખવામાં આવે છે જેનાથી ખુબજ ગંદકી ઉદભવે છે અને ગ્રીનસ્પેસ વારંવાર સાફ કરવા છતાં ફરી હતી તેવી સ્થિતિમાં થઈ જાય છે. માટે આપસૌ મિત્રોને જણાવવાનું કે આપ આપના ડોમેસ્ટિક ગંદા પાણીનો આપની ડ્રેનેજ લાઈનમાંજ યોગ્ય રીતે નિકાલ કરશો તથા તૂટેલી કે લીકેજ થતી પાણીની લાઈન તાત્કાલિક બદલાવી નાખશો. **ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો કચરો ગ્રીનસ્પેસમાં નાખશો નહિ અને જો કોઈ એકમ કે એકમનો કર્મચારી નાખતો જણાશે તેના પર દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જે એકમોએ ગ્રીનસ્પેસમાં ગેરકાયદેસર દબાણ કરેલ હોય તેઓએ સ્વખર્ચે આ દબાણ તાત્કાલિક દુર કરવા વિનંતી છે જો તે તાત્કાલિક દુર કરવામાં નહી આવે તો તેવા એકમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની ગંભીરતાથી નોંધ લેશો. આપ સૌના સહકાર થકીજ આપણે "ગ્રીન ઓઢવ, ક્લીન ઓઢવ" નું વિઝન સાકાર કરી શકીશું.**

### RTGS / NEFT ધ્વારા ચુકવણી અંગે

**ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન માત્ર મેમ્બરશીપ ફીના પેમેન્ટ માટે જ**

**ODHAV INDUSTRIES ASSOCIATION**

Bank Name : **The Ahmedabad Mercantile Co-Op. Bank Ltd.**
Bank Branch : **Odhav Branch**
Bank Account No.: **066011101004562**
RTGS/NEFT/IFSC : **AMCB0660011**
MICR Code (9 Digit) : **380066011**

પેમેન્ટ કર્યા બાદ આપે oia_odhav@yahoo.com ઉપર પેમેન્ટ અંગેની માહિતી (પેમેન્ટ રીસીપ્ટ, મેમ્બરશીપ નંબર, પ્લોટ નંબર અને તારીખ) ફરજિયાતપણે Email ID કરવાની રહેશે.

**GSTN: 24AAAAO0061E2Z8**

**ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. માત્ર પાણીના રેગ્યુલર બીલના પેમેન્ટ માટે જ**

**ODHAV ESTATE INFRASTRUCTURE DEVLOPMENT LTD.**

Bank Name : **The Ahmedabad Mercantile Co-Op. Bank Ltd.**
Bank Branch : **Odhav Branch**
Bank Account No.: **066011101004460**
RTGS/NEFT/IFSC : **AMCB0660011**
MICR Code (9 Digit) : **380066011**

પેમેન્ટ કર્યા બાદ આપે odhaveidl@gmail.com ઉપર પેમેન્ટ અંગેની માહિતી (પેમેન્ટ રીસીપ્ટ, કનેક્શન નંબર, પ્લોટ નંબર, રકમ અને તારીખ) ફરજિયાતપણે Email ID કરવાની રહેશે.

**GSTN: 24AAACO8836H1ZC**

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર (PHC, L-213) માં આપે નીચે મુજબની OPD સુવિધાઓનો લાભ લઈ શકો છો. આપ સર્વે સભ્યમિત્રોને વિનંતી કે, આપની કંપનીમાં કામ કરતાં કામદારભાઈઓને પ્રાથમિક સારવાર કેન્દ્ર વિષે માહિતી આપશો તથા આકસ્મિક સમયે તેનો અવશ્ય લાભ લે તેવી તજવીજ કરશો.

### ઉપલબ્ધ સુવિધાઓ

★ અનુભવી નિષ્ણાત ફીઝીશીયન દ્વારા નિ:શુલ્ક (મફત) OPD સેવા આપવામાં આવશે.
★ દરેક પ્રકારના તાવનું નિદાન તથા સારવાર કરવામાં આવશે.
★ ઝાડા, ઉલટી, કમળો તથા પેટનાં દર્દ વગેરેની સારવાર કરવામાં આવશે.
★ બી. પી. તપાસવામાં આવશે.
★ ડાયાબીટીસની તપાસ રૂ. 20/- (પટ્ટી દીઠ) તપાસ ફી સાથે તપાસવામાં આવશે.
★ ઈજા થયે ધનુરનું ઈન્જેકશન આપવું, શરીર ઉપર ઊંડો ઘા પડે તો ટાંકા લેવા.
★ દર્દીને આંખમાં પથરી (હેમરી) પડે તો કાઢી આપવી.
★ ECG હૃદય પટ્ટી રીપોર્ટ રૂ. 20/- તેમજ ઓક્સીજન કોન્સન્ટ્રેટરની સુવિધા પણ ઉપલબ્ધ છે.

**તપાસ તેમજ દવાનો ચાર્જ નિ:શુલ્ક (મફત)**

**સમય**

**બપોરે : 02:00 થી 05:00 કલાકે**

સોમવાર થી શનિવાર
**રવિવારે રજા રહેશે.**

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન
### સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર

**એલ-૨૧૩, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ - ૩૮૨ ૪૧૫.**
**મો. નં. : 9409367407, ફોન નં. : 22871202**

### સર્વિસ રીક્વેસ્ટ અંગે (ફરિયાદ અંગે)

ઓઢવ ઔધોગિક વિસ્તામાં પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, કચરો, સાફ-સફાઈ, રોડ-રસ્તા વગેરે બાબતોને લગતી સર્વિસ રીક્વેસ્ટ (ફરિયાદ) હોય તો આપે નીચે આપેલ નંબર અથવા ઈ-મેઈલ ઉપર આપની કંપનીનું નામ, પ્લોટ નંબર, રોડ નંબર, ફરિયાદની વિગત અને જગ્યા, વ્યક્તિનું નામ, મોબાઈલ નંબર સાથે જે તે ફરિયાદનો ફોટો આપી **સર્વિસ રીક્વેસ્ટ નોંધાવી નંબર લેવા વિનંતી.** જેથી આપને સર્વિસ આપવામાં સરળતા રહે.

**મોબાઈલ નંબર : 9409367407 અને ફોન નંબર : 079-22871202**

**ઈ-મેઈલ આઈડી : odhaveidl@gmail.com અને oia_odhav@yahoo.com**

### બાકી યુઝર કોન્ટ્રીબ્યુશન ભરવા અંગે

**ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા ઓઢવ ઔધોગિક વસાહતમાં STP Plant બનાવવા જઈ રહ્યા છીએ.** નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટ ના આદેશથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઓઢવ ઔધોગિક વસાહતના ગટર કનેકશનો કાપી નાખવામાં આવેલ હતા તેના અનુસંધાને તા.26/11/2021 શુક્રવારના રોજ એસોસીએશન ઓફીસ ખાતે તમામ એકમોની એક્સ્ટ્રા ઓર્ડીનરી જનરલ મીટીંગમાં ચર્ચા કર્યા પ્રમાણે **જે એકમોનું યુઝર કોન્ટ્રીબ્યુશન ભરવાનું બાકી છે તેઓએ તાકીદે ભરવા વિનંતી છે.** જો યુઝર કોન્ટ્રીબ્યુશન તાત્કાલિક ભરવામાં નહી આવે તો આપણા એકમના પાણી તેમજ ગટર જોડાણો કાપી દેવામાં આવશે.

**આપણા એકમનું યુઝર કોન્ટ્રીબ્યુશન ભરવાનું બાકી છે કે નહી તેની માહિતી મેળવવા માટે આપે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફિસનો સંપર્ક કરવો** અને જો બાકી હોય તો આપણા એકમનું વર્ષ 2015-2016 નું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું પ્રોપર્ટી ટેક્ષ બીલ રજુ કરી તે પ્રમાણે ભરવાપાત્ર રકમ આપવામાં આવશે તે રકમનો ચેક **"ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી."** ના નામેથી આપવાનો રહેશે.

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## No Due / NOC / 2-R મેળવવા અંગે

ઓઢવ ઔધોગિક વસાહતના દરેક શેડ માલિકોને જણાવવાનું કે, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. નું No Due / NOC / 2-R મેળવવા માટે યુઝર કોન્ટ્રીબ્યુશન **(મ્યુનીસીપલ પ્રોપર્ટી ટેક્ષ બીલ વર્ષ 2015-2016 ના 300 % લેખે અને તે રકમ ઉપર તા. 31.03.2016 ના રોજ થી 18 % વ્યાજ અને તેના 18 % GST સહિત)** ભરવું ફરજીયાત છે. No Due / NOC / 2-R મેળવવા માટે નીચે પ્રમાણે કાગળો રજુ કરવા.

**2-R પરમીશન / નો-ઓબ્જેક્શન માટે**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ પાણીના ભરેલા બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ વીજળી બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ NOC સર્ટીફીકેટ ફી :-

મેમ્બર માટે : રૂ.1000/- + 18 % GST
નોન મેમ્બર માટે : રૂ.2000/- + 18 % GST

**પાણીનું નો-ડ્યુ માટે**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ પાણીના ભરેલા બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ વીજળી બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ NC સર્ટીફીકેટ ફી :-

મેમ્બર માટે : રૂ.500/- + 18 % GST
નોન મેમ્બર માટે : રૂ.1000/- + 18 % GST

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની નવી લાઈફ મેમ્બરશીપ લેવા અંગે

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના દરેક પ્લોટ/શેડ માલિકોને જણાવવાનું કે **ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની નવી લાઈફ મેમ્બરશીપ મેવવા માટે નીચે પ્રમાણે કાગળો રજુ કરવા.**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ પાણીના ભરેલા બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ વીજળી બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ રૂ.11000/- + 18 % GST (1000 ચો. મી. થી ઓછા એરિયા માટે)
- ★ રૂ.21000/- + 18 % GST (1000 ચો. મી. થી વધુ એરિયા માટે)
- ★ રૂ.5000/- + 18 % GST (દાખલ ફી)

## પાણીના બીલમાં નામ બદલવા અંગે

**પાણીના બીલમાં નામ બદલવા અંગે નીચ પ્રમાણે કાગળો રજુ કરવા.**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ પાણીના બીલમાં નામ બદલવા માટેનું ફોમ.
- ★ ચાલુ મહિનાનું પાણીનું બીલ.
- ★ ચાલુ મહિનાનું વીજળી બીલ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ યુઝર કોન્ટ્રીબ્યુશનભરેલ હોવું જોઈએ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ રૂ.1000/- + 18 % GST (દાખલ ફી)
- ★ દરેકની ઝેરોક્ષ અને ઝેરોક્ષમાં સહી-સિક્કા કરાવવા.

આપના પ્લોટ/શેડની આજુબાજુ, બહાર કે રોડ ઉપર ક્યાય પણ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટને લગતો કચરો, બર્ફિંગનો કચરો, માટી તેમજ ગેર-કાયદેસરનું બાંધકામ આ તમામ બાબતો દુર થશે ત્યારબાદ જ આપશ્રીને આપણા પ્લોટ/શેડ ઉપર જે તે No Due / NOC / 2-R તેમજ New life Membership આપવામાં આવશે.

આપના પ્લોટ/શેડનો **Email ID તથા WhatsApp Number તાત્કાલિક ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફિસે રજીસ્ટ્રર કરાવશો** જેથી સમયસર આપના સુધી મહત્વની માહિતીઓને માહિતગાર કરી શકાય.

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## એસોસીએશનનાં સભ્યો અને સહયોગીઓ માટે તાલીમ સાથે સેમીનાર

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ઉદ્યોગકાર મિત્રો અને કર્મચારીઓના વ્યવસાયિક અને વ્યક્તિત્વ વિકાસ માટે દર મહીને નિ:શુલ્ક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે જેની વિગતો નીચે મુજબ છે. આપ સૌ આ કાર્યક્રમમાં ભાગ લો તેવી નમ્ર વિનંતી છે.

| S/No. | Subject | Duration | Date* |
|---|---|---|---|
| 1 | Team Management: The Skill you need to be a Great Boss | 2 hours | 27/07/2024 |
| 2 | Leadership skils: Become an Exceptional Leader | 2 hours | 31/08/2024 |
| 3 | Key Elements of Business growth and sustainability | 2 hours | 28/09/2024 |
| 4 | Strategic Business Planning | 2 hours | 26/10/2024 |
| 5 | Career Skills: Thinking about you and your career | 2 hours | 30/11/2024 |

*** તાલીમ કાર્યક્રમની તારીખો પરિસ્થિતિ અનુસાર બદલી શકાય છે, પુષ્ટિ કરવા માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન સાથે સંપર્કમાં રહો.**

ફેકલ્ટી : **ડો. દિવ્યેશ લાડવા (કન્સલ્ટન્ટ, કોર્પોરેટ ટ્રેનર અને કોચ)**
સ્થળ : **કોમન ફેસીલીટી સેન્ટર, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, ઓઢવ, અમદાવાદ.**
સમય : **બપોરે 03:00 થી સાંજે 05:00 વાગ્યા સુધી...**

નોંધણી : **કંપનીના લેટરપેડ ઉપર કાર્યક્રમમાં ભાગ લેનારનું નામ અને મોબાઈલ નંબર સાથે એસોસીએશન ઓફિસે મોકલાવો** અથવા **એસોસીએશનની વેબસાઈટ www.odhavindustries.org ઉપર લોગ ઈન કરી આપનું રજીસ્ટ્રેશન કરાવશો.**

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં જાહેરાત અંગે

આપનાં ધંધા-વ્યવસાયની ઓઢવ જીઆઈડીસી વિસ્તારમાં જાહેરાત આપવા માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં **કલર/બ્લેક એન્ડ વાઈટ જાહેરાત** આપીને આપશ્રી આપનાં ધંધા-વ્યવસાયનો બહોળો પ્રચાર કરી શકો છો. આ માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં કલર/બ્લેક એન્ડ વાઈટ જાહેરાત આપવાનાં નવા ભાવ **18 % GST સાથે** નીચે મુજબ છે.

| સાઈઝ | | માસિક બુલેટીનનો દર (અંક દીઠ) | | વાર્ષિક બુલેટીનનો દર | |
|---|---|---|---|---|---|
| | | બ્લેક એન્ડ વાઈટ | કલર | બ્લેક એન્ડ વાઈટ | કલર |
| ક્વોટર પેજ | 06 X 18.5 cm | રૂ. 779/- | રૂ. 1298/- | રૂ. 9346/- | રૂ. 15576/- |
| હાફ પેજ | 12 X 18.5 cm | રૂ. 1558/- | રૂ. 2336/- | રૂ. 18691/- | રૂ. 28037/- |
| ફૂલ પેજ | 24 X 18.5 cm | રૂ. 2596/- | રૂ. 3894/- | રૂ. 31152/- | રૂ. 46728/- |

વાર્ષિક બુલેટીનના ભાવ 12 મહિનાની જાહેરાત ઉપર 02 મહિનાની જાહેરાત વધારે આપવામાં આવશે. જેનો કોઈ ચાર્જ લેવામાં આવશે નહી. **જાહેરાતના 18 % GST સાથેના નવા ભાવ 01-04-2024 થી 31-03-2025 સુધી અમલમાં લેવામાં આવશે.**

**માસિક પાણીના બીલની પાછળના ભાગમાં જાહેરાત પ્રિન્ટ કરી આપવા માંગતા હોય તેઓ માટેનો ચાર્જ રૂ.11500/- + 18 % GST અને જો જાહેરાત પ્રિન્ટ કર્યા વગર આપવાની હોય તો રૂ.7500/- + 18 % GST સાથેનો ચાર્જ લાગશે.**

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**